Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# પાટણનું પટોળું – એક વૈભવી વિરાસત

સાધુ ખુશ્બુ વિનોદભાઈ
પીએચ.ડી. સ્કોલર, સમાજવિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રસ્તાવના**

ભારત સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. જેમાં ભૌતિક અને જૈવિક વારસાનો સમાવેશ થાય છે. બાળકને જન્મ સાથે જ મા-બાપનાં શારીરિક અને માનસિક લક્ષણો મળે છે. જેને જૈવિક વારસા તરીકે આપણે ઓળખીએ છીએ. જ્યારે ઘર, જમીન, જાગીર કે સ્થાવર-જંગમ મિલકત વારસામાં મળે તેને આપણે ભૌતિક વારસા તરીકે ઓળખીએ છીએ. તે રીતે માનવી પોતાની આવડત, બુધ્ધિ, શક્તિ, કલા-કૌશલ્ય દ્વારા જે કાંઈ મેળવે છે કે સર્જન કરે છે તેને સામાન્ય રીતે સાંસ્કૃતિક વારસો કહેવાય છે. તે જ રીતે સમાજ-જીવનમાં પૂર્વજો દ્વારા શરૂ થયેલી પરંપરાઓ, રૂઢિઓ, રીત-રિવાજો અને એક વિશેષ પ્રકારની જીવનશૈલીને પણ આપણે સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખી શકીએ. આ ઉપરાંત આપણે બીજી બાબતો જેવી કે શિક્ષણ, ખેતી, વેપાર, રોજિંદા જીવન માટેના નીતિ નિયમો, ઉત્સવો, મનોરંજન, કલા કારીગરી, માન્યતો, કૌશલ્યોનો સમાવેશ પણ તેમાં કરી શકીએ. ભારત એ વિશ્વનો પ્રાચીન દેશ હોવાના લીધે તેની ઉત્તમ પરંપરાઓ, સામાજિક મૂલ્યો, રૂઢિઓ, રીત-રિવાજો, પરિવાર વ્યવસ્થા સાથેની ખાસિયત ધરાવતા સાંસ્કૃતિક વારસાનું જતન અને જાળવણી કરવાની આપણી ફરજ બની રહે છે. પ્રાચીન ભારતની ચોસઠ કલાઓ જેમાં હસ્તકલા, કારીગરી, કસબ, હુન્નર, ચિત્ર, સંગીત, નાટ્યકલા અને નૃત્યકલા ઈત્યાદિ ગણાવી શકાય. આપણી પ્રાચીન મુદ્રાઓ પણ મૂલ્યવાન હતી. ભૂતકાળમાં વિદેશી પ્રવાસીઓ કે આક્રમણો માટે ભારતની સમૃદ્ધિ આકર્ષણનું કેન્દ્ર હતું. ભારતના સાંસ્કૃતિક વારસાનું સૌંદર્ય ભારતીય કારીગરો અને કસબીઓની હુન્નર પારંગતતામાં સમાયેલું છે. ભારતના ભાતીગળ જીવનને તેઓ તેમની કલા કારીગરી અને હુન્નર ઉદ્યોગો દ્વારા કુશળતાથી વિકસાવેલી છે. ભરત-ગૂંથણ, કાપડ વણાટ, કાષ્ઠકલા, માટીકામ, ધાતુકામ, ચિત્રકલા, કાપડ રંગાટીકામ, ચર્મ ઉદ્યોગ, મીના કારીગરી, નકશીકામ, અકીક અને હીરાને લગતી કૌશલ્યપૂર્ણ

કારીગરી, શિલ્પ-સ્થાપત્ય, હાથવણાટને લગતી કારીગરી વગેરેએ ભારતની એક આગવી ઓળખ છે. પ્રાચીન સમયથી ભારત વસ્ત્ર-વિદ્યા ક્ષેત્રે જાણીતું છે. ભારતના કુશળ કારીગરો દ્વારા તૈયાર થતી ઢાકાની મલમલનો તાકો દિવાસળીની પેટીમાં સમાતો અથવા સાડી વીંટીમાંથી પસાર થઈ જતી હોવાની વાતો જાણીતી જ છે. કશ્મીર સહિત ભારતમાં બનતા ગાલીચા, પાટણનાં પટોળાં, કાંજીવરમ તેમજ બનારસી સાડીઓ રાજસ્થાનની બાંધણીઓ જેવા હાથવણાટના બેનમૂન હુન્નરના નમૂના એ ભારતની એક આગવી ઓળખ અને સાંસ્કૃતિક ધરોહર ગણી શકાય છે. ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમ્યાન તે વખતના પાટનગર પાટણમાં અનેક કારીગરો જે સાળવીઓ હતા તે આવીને વસ્યા હતા. તેમની આવડત અને કૌશલ્યને લીધે ખાસ કરીને પાટણનાં પટોળાં જગતભરમાં વિખ્યાંત બન્યા. પાટણનો આ હુન્નર આશરે 900 વર્ષો કરતાં પણ પ્રાચીન હોવાનું જણાય છે. અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા હાલમાં મર્યાદિત કારીગરો પાસે રહી છે. પાટણમાં બનતાં આ રેશમી વસ્ત્ર 'બેવડ ઈક્ત' (ઈક્ટ વણાટ) ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે. જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બન્ને બાજુ પહેરી શકાય છે. પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી આપણે ત્યાં 'પડી પટોળે ભાગ, ફાટે પણ ફીટે નહિ' કહેવત પણ પ્રચલિત થઈ છે.

**(2) પાટણની ઐતિહાસિકતાઃ**

ભૌગોલિક દ્રષ્ટિએ સમૃધ્ધ એવા પ્રદેશની શોધમાં નિકળેલ વનરાજ ચાવડાએ ઈ.સ. 746 માં સરસ્વતિ નદી તટે આ નવું પતન (પાટણ) વસાવ્યું હતું. જેનું નામ પોતાના મિત્ર અણહિલ ભરવાડના નામ પરથી અણહિલપુર રાખ્યું હતું. આદ્ય ઐતિહાસિક કાલના શાર્યાતવંશના શાસનકાળ દરમ્યાન ગુજરાતને 'આનર્ત' નામે ઓળખવામાં આવતું ત્યારબાદ આ પ્રદેશ ગુર્જર દેશ, ગુર્જરાજ કે અણહિલપુર પટ્ટન જેવા નામથી ઓળખવામાં આવતું હતું. ગુજરાતમાં સોલંકી-વાઘેલા કાલીન સમયને સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગની શરૂઆત ઈ.સ.942માં મૂળરાજ પહેલાએ સોલંકી વંશની સ્થાપના કરી હતી. ત્યારબાદ પાટણની ગાદી

ઉપર ચામુંડરાજ, વલ્લભરાજ, સિધ્ધરાજ, ભીમદેવ, કુમાળપાળ જેવા વીર પરાક્રમી રાજાઓ થઈ ગયા. જેમના સમયમાં પાટણમાં રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક વગેરે ક્ષેત્રોમાં વિકાસ થયો. સંસ્કૃતિનો અર્થ એવો હોય છે કે ઊંચી જાતનું વિજ્ઞાન, રાજ્યવ્યવસ્થા, વહેમોનો નાશ, તેમજ સારી ખેતી, સારા ઉદ્યોગો સ્થાપી પોતાની જીવન જરૂરિયાતોની ચીજ-વસ્તુઓ બનાવી શકે. ઈ.સ.પૂર્વે 2400 ખંભાતનો મણિયારો હડપ્પીય પત્થર કારીગરોએ જે કળા વિકસાવી હતી તે જ પ્રક્રિયાનું અનુકરણ આપણે કરતા આવ્યા છીએ. સોલંકી સમયમાં અણહિલવાડના રાજાઓ જેમ ભોયની ઉપજ લેતા તેમ દેશમાંની જતા માલ ઉપર દાણ લેતા હતા. સમુદ્રગમન અને વ્યાપારના કામકાજ સંબંધી થોડુંક જ લખવામાં આવેલ છે તો પણ વહાણ, વહાણવટા અને ચાંચવાના નામ આવે છે. સિધ્ધરાજના સમયમાં વહાણવટિયા અથવા સાયાંત્રિક, ચાંચવાઓની બીકથી પોતાની માલમતા કોથળામાં સંતાડીને દેશમાં લાવતા હતા. પાટણના વહાણવટા વિશે જાણતા સમજાય છે કે પાટણમાં નાના-મોટા ઉદ્યોગો વિકાસ પામેલા અને જેની આયાત-નિકાસ વિદેશ સાથે પણ કરવામાં આવતી હશે. ગુજરાતમાં આ સમય દરમ્યાન અનેક જ્ઞાતિઓ બિરાજમાન હતી. જેમાં હજામ, સોની, કાસ્યકાર, છાપકામ, ઝવેરી, કંસારા, ભીસ્તી, વણકર, સુથાર વગેરે જ્ઞાતિઓ પ્રમાણે તેમના ધંધાઓનો વિકાસ થયો હતો. જેની નોંધ દેશીનામાવલી તથા અન્ય સાહિત્યોમાંથી મળે છે. આ સમય દરમ્યાન શિલ્પ-સ્થાપત્ય, સાહિત્ય, કલા, રાજકીય, સાંસ્કૃતિક ક્ષેત્રોનો વિકાસ ચરમસીમાએ રહ્યો હતો. ઈ.સ.1304 માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યએ સોલંકી-વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ પાસેથી પાટણનો કબજો લીધો અને પાટણમાં મુસ્લિમ સત્તા સ્થપાઈ. મોઘલકાલીન સમયમાં પણ પાટણ તેમનું જુનું પાટનગર રહ્યું હતું. આ સમયગાળામાં ગુજરાત આર્થિક અને હુન્નર ઉદ્યોગની દ્રષ્ટિએ સમૃધ્ધ હતું. અહમદશાહે ઈ.સ.1411માં અમદાવાદ વસાવ્યું. ત્યારબાદ થોડાક સમય પછી ગુજરાતની જૂની રાજધાની પાટણને બદલે અમદાવાદ બની હશે તેમ છતાંય પાટણમાં મુસલમાન સુલ્તાનોએ હુન્નર ઉદ્યોગોને ઉત્તેજન આપવા ઘણા પ્રયત્નો કર્યા હતા. જૂના પાટણનો અસ્ત ક્યારે થયો અને નવું પાટણ ક્યારે ઊભું થયું તે વિશેની ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ અમદાવાદ રાજધાની

બન્યા પછી પાટણના હસ્તકળા ઉદ્યોગ સાથે સંકળાયેલ કારીગર વર્ગમાં ધીરે ધીરે ઘટાડો થવા લાગ્યો.

**(3) પાટણના પટોળાની ઐતિહાસિકતા**

પાટણમાં પટોળાં ક્યારથી વણાય છે તે અંગે ચોક્કસ માહિતી મળતી નથી. તેમ છતાંય પટોળાના સર્જનહાર સાલવી લોકોને પાટણમાં કુમાળપાળ કે સિધ્ધરાજ કે કર્ણદેવના સમયમાં આવેલા કેટલાક ઇતિહાસકોરો તેમને દક્ષિણાના જાલના પ્રદેશમાંથી આવ્યા હોવાનું માને છે તેમ છતાંય સાહિત્યો, ઇતિહાસકારના લખાણો, લોકગીતો, દંતકથાઓ અનુસાર તેમને સિધ્ધરાત જે કર્ણદેવના સમયમાં આવ્યા હોય તેમ માનવામાં આવે છે. વળી સાલવીઓની જાતિ અને ધર્મ વિશે પણ અલગ-અલગ માહિતી મળે છે. પાટણમાં સાલવીઓ સિધ્ધરાજના સમયમાં માતા મયણલ્લા સાથે દક્ષિણ ભારતમાંથી આવ્યા હોવાનું મનાય છે. આમ જોઈએ તો સાલવીઓ કર્ણદેવના સમયમાં આવેલા જણાય છે. આ ઉપરાંત અનેક લોકકથાઓ મુજબ આપણને જાણવા મળે છે કે પટોળા બનાવનાર સાલવીઓ પાટણના નહી પણ અન્ય વિસ્તારમાંથી આવેલા જણાય છે.

રાસમાલામાં જણાવ્યા મુજબ કુમારપાળે સપાલદક્ષના રાજાએ ઉત્તરાસન વસ્ત્ર મોકલ્યું તે તેણે રાખ્યું નહિ. તેથી કુમારપાળે ચાહડને સૈન્ય લઈ મોકલ્યો. ચાહડે બંબેરામાં ઘેરો નાંખીને 700 કુશળ સાલવી લઈને પાટણ આવ્યો. કુમારપાળ રાસામાં બંબેરી નગરના રાજા પાસે કોરું પટોળું લેવા દુતને મોકલ્યો તેણે ન આપ્યું તેથી બાહડ સૈન્ય લઈને ગયો તેને સાત હજાર સાલવીઓને પાટણમાં લાવીને વસાવ્યા.

પ્રબંધ ચિંતામણીમાં જણાવ્યા મુજબ બંબેરક પત્તનના સ્વામી રાજા વીસલદેવ પત્તન (પાટણ)માં કુમારપાળ ભૂયાલને પ્રતિભૂત તરીકે ઉત્તમ પટોળું (पट्टकुलवर्य) મોકલ્યું હતું. ચાહડને વસ્ત્ર પહેરેલ જોઈને કુમારપાળો પૂછ્યું, ત્યારે તેણે જણાવ્યું કે બંબેરમાં રાજા બળવાન છે ત્યાં પટોળા વણનાર સાલવીઓના સાતસો ઘર છે. અને વીસલદેવ આ પટોળા પહેરીને પછી વેચાણ માટે નગરની બહાર મોકલે છે. આમ, ચાહડે પટોળા વણનારને પાટણમાં લાવવા બિંબેર ઉપર આક્રમણ કર્યું.

ગુરુપટ્ટાવલીમાં જણાવ્યા મુજબ કુમારપાળ પટોળું પહેરીને શ્રી પાર્શ્વનાથજીની પૂજા કરે છે, ત્યાં મુંગીપટ્ટણથી રાજાનો મિત્ર વેપારી દેરાસરમાં દર્શન કરતાં આ દ્રશ્ય જોવે છે. તે રાજાને જણાવે છે કે આ પટોળું પવિત્ર નથી પણ તે બીજાએ પહેરેલું છે. વધુ માહિતી આપતાં તે જણાવે છે કે મુંગીપટ્ટણના રાજા જેટલા ચીર ઉતારે તે લઈ વેપારોને પરદેશમાં વેચવા મોકલે છે. ત્યારે કુમાળપાળ સેવકને મુંગીપટ્ટણ જઈ સાલવીઓને પાટણ લાવવા મોકલે છે. સાવલીઓની સાથે દેવ શ્રી નેમીનાથ, આદિશ્વર અને ગૌતમસ્વામી તથા ગુરુ બગસેન ભટ્ટારક તમામને પાટણમાં લાવી સાતપરાં વસાવવામાં આવ્યા હતા. પાટણમાં સાલવીઓના ઘણા મહોલ્લા છે. ઈ.સ.1664-94માં કર્ણદેવના સમય દરમ્યાન પાટણમાં સાલવી હોવા જોઈએ. સિધ્ધરાજના રાણકદેવીના દોહામાં "પાટણનાં પટોળાં"નો ઉલ્લેખ છે. આમ જો સાલવીઓ કુમારપાળના સમયગાળામાં એટલે કે ઈ.સ.1164-65ના સમયગાળામાં પાટણમાં વસવા આવ્યા હશે. અને કુમારપાળના સમયથી આજ સુધી સાલવીઓ પાટણમાં આવીને વસ્યા હોવા જોઈએ.

ભારત સરકાર દ્વારા 900 વર્ષ પ્રાચીન પાટણનાં પટોળાને જીઓગ્રાફીકલ ઇન્ડિકેશન-Geographical Indication માં રજીસ્ટ્રેશન આપવામાં આવ્યું. પરંતુ ગુજરાતની પાટણના પટોળાને તેમાં સ્થાન મળ્યું નહી.

**(4) પટોળાના વિવિધ શાબ્દિક અર્થઃ**

પટોળાનો શાબ્દિક અર્થ જોઈએ તો સદીઓથી 'પટ્ટ' શબ્દ ઉપરથી ઉદભવેલ છે. સંસ્કૃતમાં 'પટ્ટ' રેશમ માટે વપરાતો શબ્દ છે. વર્ણક સમુચ્ચયમાં વિવિધ વસ્ત્રોના નામનો ઉલ્લેખ મળે છે. 12મી સદી પૂર્વે તેને અલગ-અલગ નામથી ઓળખવામાં આવતું. જેમ કે, **पट्टकुल**, **पट्टपाटु**, **पट्टहीर**, **हीरपट्ट** વગેરે જેવા રેશમના વસ્ત્રો હતા. 12મી સદી પછી **पटोलक** નામનો ઉલ્લેખ સંસ્કૃત ભાષામાંથી મળે છે. રેશમી ઝીણા વસ્ત્રોને **पदांशुक** અને તેના આખા તાકાને **पटपाद्ध** કહેતા હશે. **पटपाटू** પાટણમાં બનતા, જે તેના "**पटणी पटपाटू**" ઉલ્લેખ પરથી લાગે છે. બંબેરક પત્તનનો રાજા વિસલદેવે પત્તન (પાટણ) માં શ્રી કુમાળપાળ ભૂપાલને પ્રતિભાભૂત તરીકે ઉત્તમ પટોળું (**पट्टकुलवर्य**) મોકલાવ્યું હતું. 17મી 18મી સદી બાદ પટોળાનો વ્યાપક

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

પ્રમાણમાં ઉપયોગ થતો. મધ્યયુગમાં પટોળાનો વિકાસ વધુ જોવા મળે છે. પરંતુ પટોળામાં સોના અને ચાંદીના તાર, રેશમનો ઉપયોગ થવાથી તે ઘણું મોંઘુ બન્યું. જેના કારણે સામાન્ય માનવીને તે પરવડે તેમ ન હતું. 19મી સદીમાં તેની માંગ ઓછી થઈ અને સુતર-રેશમના પટોળાં બનાવવાનું શરૂ થયું.

**(5) પટોળાની રચના**

પટોળાની રચના ખૂબ જ જટિલ છે. તેને અલગ અલગ પ્રક્રિયામાંથી પસાર કરીને પટોળું તૈયાર કરાય છે.

- શુધ્ધ સ્વદેશી રેશમનું બંડલ અને રેશમની આંટીઓ જે કાચા રેશમના બંડલ રૂપે પ્રાપ્ય છે.
- કાચા રેશમની આંટીઓ લઈ ખોલી અને પરતી (ફીરકી) ઉપર લેવાય છે. 8 પરતીમાંથી એક તાર બનાવાય છે. જેને અંગ્રેજીમાં (Multi-Planning of Thread) કહેવામાં આવે છે.
- રેશમની આંટીઓ લઈ તેના ઉપરના કીડા અને લાળને દૂર કરવા સોડા વોટર (ધોવાના સોડા)ની સાથે ઉકાળવામાં આવે છે અને તેને સફેદ બનાવાય છે.
- રેશમને બાફીને સફેદ કર્યા પછી તેને સ્વચ્છ પાણીમાં ધોવામાં આવે છે.
- 8 તાર ભેગા કરીને બનાવેલ આંટીઓ સ્પિનીંગ મશીનમાં (ચરખા ઉપર) વળ આપવાનું કાર્ય શરૂ થાય છે અને પછી તે રેશમ પટોળું બનાવવા ઉપયોગમાં લઈ શકાય તેવું બની જાય છે.
- સાડીની ભાતને ગ્રાફ પેપર ઉપર દોરી તેમાં તારની ગણતરી કરી તાણો અને વાણો તૈયાર કરાય છે. લંબાઈ અને પહોળાઈને પણ ધ્યાનમાં લેવાય છે.
- તાણો અને વાણો તૈયાર કરી લાકડાની ફ્રેમ ઉપર લઈ ગ્રાફ પેપરમાં તૈયાર કરેલ ડિઝાઈન અને કલરને અનુરૂપ બાંધણી તૈયાર કરાય છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

- બાંધણી પ્રક્રિયામાં જે ભાગ રંગવાનો હોય તેને ખુલ્લો રાખી બાકીના ભાગમાં માપસરની ગાંઠો મારી સુતરાઉ દોરાથી બાંધી દેવામાં આવે છે આ પ્રક્રિયાને ટેક્ષટાઈલ ક્ષેત્રમાં 'ટાઈ અને ડાઈ' પધ્ધતિથી ઓળખાય છે.
- આ પ્રક્રિયા મુજબ સાડીમાં ક્રમશઃ કલર આવતા હોય તે ભાગને બાંધી છોડીને આ પ્રક્રિયા પૂર્ણ કરાય છે. આ કામ માટે બે થી અઢી મહિનાનો સમય લાગે છે.
- તાણા અને વાણાને ધોવાનું કામ કરાય છે અને તે પછી જ રેશમ વણવા લાયક બને છે.
- તાણાને રંગાઈ ગયા બાદ તેમને માપસર, હારબંધ તેની ડિઝાઈન પ્રમાણે શાળ ઉપર લેવાય છે અને વાણાને બોબીન ઉપર વીંટી દેવાય છે.
- તાણા અને વાણાને શાળ ઉપર લેવાય છે. શાળ ડાબી બાજુથી નીચી અને જમણી બાજુથી ઊંચી ઢાળવાળી હોય છે. વાંસના કાઠલામાંથી બોબીન મૂકી વારંવાર તાણામાંથી પસાર કરી વણાટકામ કરાય છે.

આમ 19 ફુટ લાંબુ અને 4 ફુટ પહોળું પટોળું તૈયાર કરતાં 3 થી 4 માસનો સમય કે તેથી વધુ સમય પણ લાગે છે. બે વ્યક્તિ દ્વારા દિવસમાં 6 થી 7 ઈંચ વણાટકામ થાય છે. પટોળાની આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ જટિલ હોય છે.

### ❖ પટોળાની રચના માટેની સાધન સામગ્રી

પટોળાની રચના માટે ઉપયોગમાં લેવાતા મોટાભાગના સાધનો લાકડાના હોય છે. જેમાં વાંસ, સીસમ અને સાગના લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે.

(1) પરતી (ફીરકી) - તેનો ઉપયોગ તારને વીંટવા માટે થાય છે.

(2)સ્પિનીંગ મશીન – જે રેશમના તારને વળ આપવાનું કામ કરે છે અને તે લોખંડનું બનેલું હોય છે.

(3)અન્ય સાધનો – જેમાં લાકડાની ફ્રેમ (ચોકઠુ) આંટી ખોલવા માટેનો ચરખો, કાંબળી, ટોકરું વગેરે જેવા સાધનોનો ઉપયોગ પ્રથમ તબક્કામાં થાય છે.

❖ **શાળના સાધનો**

(1) તોર – જેને અંગ્રેજીમાં બીમ (Beam) કહે છે. જેની ઉપર કપડું તૈયાર થયા બાદ વીંટવામાં આવે છે.

(2) વી – જેને અંગ્રેજીમાં બીટર (Beater) કહે છે. તેનો ઉપયોગ વણાટ કરતી વખતે તારને ચુસ્ત કરવા માટે થાય છે.

(3) વેહ – વેહ દ્વારા તેને ક્રોસ આપવામાં આવે છે.

(4) ખસરા – તે સાગના લાકડાના બનેલ હોય છે. સાડીના પનાની લંબાઈને ધ્યાનમાં રાખી તાર ગૂંચાય નહી તેને માટે પ્રયોગ કરવામાં આવે છે.

(5) માંકડી – આ સાધન ઉપર શાળનો આધાર છે. તેની મદદથી શાળને દોરડા વડે બાંધી શકાય છે.

(6) બોબીન – તેનો ઉપયોગ રેશમના આડા તારને વીંટવા માટે થાય છે.

(7) નળી – તે વાંસના લાકડામાંથી બનાવાય છે. તેનો ઉપયોગ આડા તારને વણવા માટે કરવામાં આવે છે.

આ ઉપરાંત સ્ટીલનું વેલણ, લાકડાનો ભડો અને અનેક એવા નાના-મોટા સાધનો જેનાથી સૂક્ષ્મ કાર્ય થઈ શકે તેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**(6) પટોળાની વિવિધ ડિઝાઈન અને રંગ (કલર)**

પટોળામાં રાસાયણિક રંગોના બદલે કુદરતી રંગનો ઉપયોગ કરાય છે. આજથી 200 વર્ષ પહેલા પટોળામાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ થતો. પરંતુ અંગ્રેજી સત્તાની શરૂઆત થતાં ભારતમાં જે રાસાયણિક રંગો બજારમાં મુકવામાં આવ્યા ત્યારથી કારીગરોએ રાસાયણિક રંગનો ઉપયોગ શરૂ કર્યો. પરંતુ વિદેશી પર્યટકોની તેમના પ્રત્યેની લાગણીને માન આપીને કેટલાક પરિવારે "Old is always Gold" ની કહેવાત સાર્થક કરી અને પર્યાવરણના પ્રાકૃતિક રંગોનો વપરાશ શરૂ કર્યો. તેમને શાકભાજીના મૂળ તત્ત્વોનો ઉપયોગ કરી રંગ બનાવવાનું

સંશોધન કરેલું. જેમાં હળદર, ગલગોટા, ડુંગળીની છાલ, દાડમની છાલ, કાથો, ગળી, આવળ, લાખ, મજીઠ, કિરમજ વગેરેનો ઉપયોગ કરી આંખને ગમે તેવા રંગ બનાવ્યા.

પટોળાની ભાત વિશે કહેવાય છે કે "પડી પટોળે ભાત ફાટે પણ ફિટે નહી" પટોળું ગમે તેટલા વર્ષ જૂનું હોય પરંતુ તેની ડિઝાઈન અને કલર એવા જ સ્મરણીય આંખોને પણ અંજાવી દે તેવા હોય છે. સાલવીઓના જણાવ્યા મુજબ કુંજરભાત, ફુલભાત, રાસભાત, છાબડીભાત, ચોકઠાભાત, બાર હાથી ભાત, અખરોટ ભાત, ઝુમ્મરભાત, દાંડિયારાસ ભાત, વોરાગજી ભાત, નવરત્નભાત વગેરે જૂની અને પરંપરાગત ચાલી આવતી ભાતો છે.

**1. નારીકુંજર ભાતઃ**

આ ભાત ત્રણસો વર્ષ જૂની છે. વર્ણક સમુચ્ચયમાં રેશમમાંથી બનતા વસ્ત્રોની ભાતોમાં નારીકુંજ ભાતનો ઉલ્લેખ છે. જેમાં નૃત્ય કરતી મહિલા, પોપટ, હાથીનું સંયોજન હોય છે. પોપટ, સ્ત્રી અને હાથીની ડિઝાઈનથી બનેલ "પોપટ નારીકુંજ"નો આ સમૂહ જેમાં સંપૂર્ણ પ્રતીકનો આધાર એક ઝારીદારની અંદર બનાવેલ હોય છે.

**2. શ્રીકારભાતઃ**

આ ભાત સાલવી કુટુંબના પૂર્વજોએ બનાવી હતી તેમજ કુંવરબાઈના મામેરામાં પણ તેનો ઉલ્લેખ છે. તેને ગજવાડે પણ કહેવાય છે. તે ગજવાડે અથવા ગજની વડિ એમ સમાસરૂપે બનેલો છે. ગજનો અર્થ હાથી સ્પષ્ટ છે અને વડિ શબ્દ વટી ગોળી જેવા અર્થનો સૂચક છે. આ વટી કે વડિ શબ્દ વસ્ત્રોમાં આવતી ગોળી જેવી છે કે છુટી ભાતો માટે વપરાયો હોવાનો સંભવ છે. આ ભાતનો એક પીસ સ્વિટ્ઝરલેન્ડના બાસલ મ્યુઝિયમમાં અને બીજા પીસ ગાર્ડન સિલ્ક મિલ્કના માલિકના તાપી કલેકશનમાં રાખેલ છે. જેમાં કુમારપાળનો પ્રિય હાથી શ્રીકાર દર્શાવેલ છે. આ ડિઝાઈનના નિર્માણ બદલ સાલવીઓને Master of Cloyhs એવોર્ડ 2006માં મળેલ છે.

**3. અખરોટ ભાતઃ**

આ ભાતમાં અખરોટ જેવી ડિઝાઈનનો ઉપયોગ થતો હોવાથી તેને અખરોટ ભાત કહેવામાં આવે છે.

**4. રતનચોક ભાતઃ**

જેમાં ભૌમિતિક તથા હીરાના આકારના પ્રતીકો બનાવાય છે. જેમાં ચોકડીની ભાતમાં વિભિન્ન પ્રકારના ભાતનું આયોજન કરવામાં આવે છે.

**5. ફૂલવડી ભાતઃ**

જેમાં ફૂલના પ્રતીકનો પ્રયોગ કરીને વિશેષ રીતે ત્રણ ત્રણ ફૂલોની ભાત બનાવવામાં આવે છે.

**6. પોપટ મોર ભાતઃ**

જેમાં પોપટની આકૃતિ બનાવવામાં આવે છે. આ ડિઝાઈન વણકર સેવા કેન્દ્ર દ્વારા વિકસીત કરવામાં આવી છે. આ ભાતને એક ઝાળીદાર રેખાઓની અંદર ક્રિયાશીલ કરવામાં આવે છે. જેની પ્રેરણા આંધ્ર પ્રદેશના પારંપરિક "તેલિયા રૂમાલ" માંથી લેવામાં આવી છે.

આ કલા રસિકોએ અન્ય ડિઝાઈનનો વિકસાવેલ છે. જેમાં સરવરિયું, રૂદ્રાક્ષભાત, વેલેન્ટાઈન-ડે ભાત, સાંકળી ભાત, દિવડાભાત, કમળભાત, રસભાત, છાવડી ભાત વાઘકુંજ ભાત, વગેરેનો સમાવેશ થાય છે. પાટણ, ખંભાત, અમદાવાદ તથા સુરતમાં પટોળા સાડી બનાવવાની પદ્ધતિ એક સમાન છે. પરંતુ તેની અંદરની ભાતમાં ભિન્નતા જોવા મળે છે. ખંભાત, પાટણ તથા સૂરતના પટોળાના પ્રતીકોમાં અંતર જોવા મળે છે.

- **ખંભાતઃ**

ખંભાતમાં સફેદ રેખાઓથી ફૂલના પત્તા બનાવવામાં આવે છે. ઝાળીમાં વચ્ચે ગાઢા રંગના આંગણામાં (સાડીનો વચ્ચેનો ભાગ) ત્રણ સફેદ ફૂલો, કથ્થઈ રંગની ડાળીઓ બનાવવામાં આવે છે, જે કિનારી બાજુ હોય છે. અને તેમાં પત્તા અને ધારીઓ હોય છે.

- **પાટણઃ**

પાટણની પટોળા સાડીઓમાં ફૂલ પત્તાની ઝાળ નથી હોતી. આલંકર પાલવના બદલે કિનારી બાજુ રાખવામાં આવે છે. કિનારી ઉપર હાથી, ફૂલના ઝાડ, પોપટ તથા મનુષ્યની ભાત બનાવવામાં આવે છે. આ ભાતને એ રીતે બનાવવામાં આવે છે કે જેમાં પશુપક્ષિઓના પગ

કિનારી બાજુ નહી પણ અંદરની બાજુ હોય છે. પાટણની સાડીઓમાં આંગણાના રંગ ઘાટ્ટા હોય છે. જેમાં લાલ, પીળા અને લીલા રંગની પ્રતીક બનાવવામાં આવે છે.

- **સૂરતઃ**

સૂરતની સાડીઓમાં કિનારી અને આંગણાના રંગમાં સામાન્ય લીલો રંગ હોય છે અને આંગણામાં લાલ રંગ હોય છે. વર્તમાન સમયમાં પટોળાનું કૃત્રિમ અને સસ્તુ રૂપ જોવા મળે છે જે વિશેષ રૂપથી સૌરાષ્ટ્ર રાજકોટના પટોળાના નામથી ઓળખાય છે. જે વાસ્તવમાં ડબલ ઇક્ત નથી પરંતુ તાના ઇક્ત રેશમી સાડી છે.

**7. પટોળાની કિંમત**

પટોળા બનાવવા માટેના શુધ્ધ રેશમ અને રંગોની કિંમત વધતા પટોળાની કિંમત પણ વધવા લાગી. વર્તમાન સમયમાં 70,000 થી માંડીને 1.5 લાખ સુધીની થાય છે. આ પૂર્વે પરંપરાગત રીતે નવ વાર ધરાવતી અને 45 થી 54 ઈંચ પહોળાઈ ધરાવતી સાડીઓ વણવામાં આવતી જેની કિંમત સામાન્ય માનવીને પરવડે તેમ ન હતી. તેથી સાલવીઓએ 19મી સદી બાદ હાથરૂમાલ, ટેબલક્લોથ, દુપટ્ટા, સ્કાપ અને ઘોલપીસ વગેરે બનાવવાનું શરૂ કર્યું. સામાન્ય રીતે તેની કિંમત 5000 થી 10,000 સુધીની અંકાય છે. બીજા વિશ્વયુદ્ધ બાદ પટોળાની નિકાસ સામાન્ય કારણસર ઇન્ડોનેશિયાની સાથે તૂટી ગઈ જેના કારણ રૂપે સાલવીઓ જણાવે છે કે કુદરતી આપત્તી, અકસ્માત કે માનવ ઘટના હોઈ શકે. 19મી સદી બાદ પટોળાનું મોટા ઉદ્યોગપતિઓ, ગર્ભશ્રીમંતો, ખ્યાતનામ વિભૂતિઓ કે આર્થિક રીતે સધ્ધર એવા લોકો જ તેનો ઉપયોગ કરે છે.

**(7) ઉપસંહારઃ**

ગુજરાતના પ્રખ્યાત પાટણના પટોળાની કિંમત ઈ.સ. 1934માં 100 રૂપિયા હતી. પરંતુ આજે તેની કિંમત ચાર લાખ સુધી પહોંચી ગઈ છે. આ કલા લુપ્ત થઈ રહી છે. કારણ કે ચાર પરિવારો જ પટોળા બનાવે છે. ત્યારે ગુજરાત સરકારે આ કલાને જીવંત રાખવા માટે ટ્રેઈનીંગ આપવાનું શરૂ કરવાનું વિચાર્યું છે. પટોળું મશીનમાં નહી પણ હાથથી બનતું હોવાથી તેની

રચનામાં લગભગ 4 થી 6 મહિના લાગે છે. અને જો પટોળા બનાવવામાં અન્ય કારીગરો તાલીમ લઈને પટોળા બનાવે તો આ કાર્ય ઝડપી બની શકે છે. 900 વર્ષ જૂની આ કળાને ખરીદનાર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ઘણા છે. પાટણમાં વિદેશથી આવેલ ઓર્ડર વર્ષમાં 50 થી 60 હોય છે. એટલે કે પાટણમાં બનેલ સાડીનું 40% એક્સપોર્ટ વિદેશમાં થાય છે. સંપૂર્ણ વિશ્વમાં પ્રખ્યાત પ્યોર સિલ્કમાંથી બનતી ઓરિજનલ પટોળા સાડી માત્ર ગુજરાતના પાટણમાં જ બને છે. એક લુમ પર વર્ષમાં અંદાજે 4 થી 5 સાડી જ બને છે. પાટણમાં કુલ 20 લુમ આવેલ છે. જેમાંથી એક વર્ષમાં એવરેજ 100 સાડી બની શકે છે. આમ, પાટણના પટોળાની કલાને જીવંત રાખવી જરૂરી છે. પાટણમાં પટોળાની સાડીનું એક મ્યુઝિયમ છે જેની મુલાકાત દિવસમાં અંદાજે 100 વિઝિટર્સ લેતાં હોય છે. જેના પરથી જાણી શકાય છે કે ટુરિઝમ ક્ષેત્રે પણ પાટણના પટોળાનું ખૂબ જ અનેરું મહત્વ રહેલું છે. પાટણનું પટોળું એ ભારતનો વૈભવી વારસો છે અને ગુજરાતની ઓળખ છે. આવી સાંસ્કૃતિક કલાને હેરિટેજમાં સ્થાન મળે તેવી અપેક્ષા લગભગ બધા જ ગુજરાતીઓને હશે જ.

## સંદર્ભસૂચિ

### ગુજરાતી ગ્રંથ

1. કડિયા ચંદ્રકાંત ,'પાટણના જિનાલયો'.2000 ,અમદાવાદ .આણંદજી કલ્યાણજી શેઠ ,
2. ગિજુભાઈ ,'કલા કારીગરીનું શિક્ષણ' ,શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ,2-ભાગ , .1934-ભાવનગર
3. ગુજરાત સાહિત્ય પરિષદ મું અધિવેશન 41'પાટણની અસ્મિતા'ઉત્તર ગુજરાત , 2004 ,પાટણ-યુનિવર્સિટી
4. જોટે રત્નમણિરાવ ભીમરાવ ,'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ'.1945 ,2-1-ભાગ ,
5. દિવેટીયા હરિસિધ્ધભાઈ વજુભાઈ ,'ગુજરાતના ઐતિહાસિક લેખો'– ધી ફાર્બસ ગુજરાતી સભા.1942 ,3-ભાગ -મુંબઈ ,
6. પટેલ સોમાભાઈ ડાહ્યાભાઈ ,'વણાટ પરિચય'.1957-અમદાવાદ ,ગૂજરાત વિદ્યાપીઠ ,
7. પાઠક ચંદ્રકાન્ત ,'ગુજરાતના ઉદ્યોગો'-મુંબઈ ,કેન્દ્ર ગુજરાત ઉદ્યોગ માહિતી ,1-ભાગ , .1968

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com


8. ફાર્બસ આનરેબલ ,'રાસમસાલા'.1899 ,1-અમદાવાદ ભાગ ,વર્નાક્યુલર સોસાયટી ,

9. શાહ જયેશ એન .રાજેન્દ્ર જે .'પાટણની અસ્મિતા'2001 ,

10. સાંડેસરા ભોગીલાલ જે .'સંશોધનની કેડી'અમદા ,ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ,વાદ.1961 ,

**હિન્દી ગ્રંથ**

1. गुरुपट्टावली

2. सांडेसरा भोगीलाल, 'वर्णक समुच्चय', भाग-2, ग्रंथ-8

**Website**

1. https://gu.m.wikipedia.org
2. https://patan.nic.in
3. https://www.gujarattourism.com
4. sharein india pp.
5. www.kankatala.com
6. www.patanpatola.com